CRMAJ NO.134/2025

**આંક–૧ લગત હુકમ**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી.અરજીની સાથે રજુ કરવામાં આવેલ બેંક ખાતાનાં પાસબુકની નકલ, બેંક સ્ટેટમેન્ટ, સાયબર ક્રાઈમ ફરીયાદની નકલ વિગેરે દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજદારના વકીલ શ્રીએ મુદદામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના અરજદારના એસ.બી.આઈ. સુલતાનપુરા, ઝઘડીયા શાખાના ખાતા નં.૩૪૨૦૪૭૨૩૦૪૦માંથી કુલ રૂા.૭૮૦૦/– તા.૨૫/૦૩/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ ઉપડી ગયેલ હતા જે પરત મેળવવા જેની ફરીયાદ અરજદાર ધ્વારા સાયબર ક્રાઈમમાં કમ્પલેઈન નં.૩૧૧૦૩૨૫૦૦૬૬૩૦૨થી તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ નોંધાયેલી સદર રકમ બાબતે જાણ થયેલી કે સદર નાણાં પોલીસ ધ્વારા ફ્રિઝ કરવામાં આવેલા છે. જે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો મુજબની અરજી દાખલ થતા આ કામે ફરીયાદીએ કરેલ ફરીયાદ લગતનો પોલીસ અભિપ્રાય મંગાવવા હુકમ થયેલ જે અભિપ્રાય આ કામે આંક–૪થી રજુ છે. જે અભિપ્રાય મુજબ આ સાયબર અરજી એકનોલેજમેન્ટ નં.૩૧૧૦૩૨૫૦૦૬૬૩૦૨ વાળી બાબતે તપાસ કરતા સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર ધ્વારા અરજદારના ઉપડી ગયેલ રૂપિયા શંકમદ વ્યકિતના ખાતામાં પડેલા છે. જે બાબતે તે ખાતાઓ સીઝ કર્યા બાદ શંકાસ્પદ ખાતા ધારકને ઈ–મેઈલ કરી જાણ કરવા છતાં તે બાબતે કોઈ વ્યકિતએ વાંધા તકરાર લીધેલ નથી. આથી સીઝ કરેલ મુદદામાલ રકમ અરજદારને સોંપવા અભિપ્રાય આપેલ છે. અભિપ્રાય સાથે ઝઘડીયા પો.સ્ટે ધ્વારા સીઝ કરેલ રકમની વિગત અલગ કોષ્ટકથી રજુ રાખવામાં આવેલ છે.

(૪)　　ઉપરોકત હકીકતો એ અરજદારની અરજી, પોલીસ અભિપ્રાય વિગેરે ઘ્યાને લેતાં ફ્રિઝ થયેલ મુદદામાલ રકમ અરજદાર પરત મેળવવા હકકદાર હોવાનુ જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

અરજદાર જશોદાબેન બળવંતભાઈ મોતવાલ  રહે.મહાલક્ષ્મી ટેકરા ફળિયુ,ઝઘડીયા તા.ઝઘડીયાનાઓને પોલીસ અભિપ્રાય સાથે સામેલ કોષ્ટક મુજબની મુદદામાલ ફ્રિઝ કરેલ રકમ અરજદારના એસ.બી.આઈ. સુલતાનપુરા ઝઘડીયા  શાખાના ખાતા નં.૩૪૨૦૪૭૨૩૦૪૦ માં ટ્રન્સફર કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–// શરતો //–**

(૧)　અરજદારે મુદદામાલ બાબતે  નામદાર કોર્ટ અગર પોલીસ જયારે અને જયા ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨)　આ હુકમની એક નકલ અમલવારી માટે સંબંધીત પોલીસ સ્ટેશને મોકલવી અને હુકમનું પાલન કરી દિન ૧૦ માં અત્રેની કોર્ટની રિપોર્ટ કરવો.

(૩)　આ કામે ફ્રિઝ કરેલ રકમ અંગેનું પોલીસ અભિપ્રાય સાથે સામેલ કોષ્ટકની નકલ હુકમ સાથે સામેલ રાખવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

**તારીખ.૧૬/૦૩/૨૦૨૬**
**સ્થળ. ઝઘડીયા**

**(ઈ.આર.ક્ષત્રિય)**
**એડી.ચીફ.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**ઝઘડીયા**
**યુનિક જજ કો.જી.જે–૦૧૧૯૭**